ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## વેદશાસ્ત્રસંપન્ન હરિભક્ત પરાયણ વાસુદેવ પ્રકાશકર બહુમુખી વ્યક્તિત્વ પંચતત્વમાં ભળી ગયું



**વડોદરા :** વેદ શાસ્ત્ર સંપન્ન હરીભક્ત પરાયણ વાસુદેવ પ્રકાશકર (પ્રકાશકર બુવા)નું ૨૭જુલાઈ ના રોજ વૃદ્ધાવસ્થાને કારણે અવસાન થયું. પ્રકાશકર બુવા ૯૪ વર્ષના હતા. તેમનું જન્મસ્થળ બરોડા, ગુજરાત હતું. તેમણે તેમના મોટા ભાઈ વેદશાસ્ત્રમાં પારંગત દત્તાત્રય પ્રકાશકર પાસે ઋગ્વેદ, 'સામવેદ, દશગ્રંથ પંચમહાકાવ્ય વ્યુત્પત્તી, કીર્તન અને પ્રવચનનો અભ્યાસ કર્યો. તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડાના સંસ્કૃત વિભાગમાંથી આયુર્વેદનો અભ્યાસ કર્યો અને સંગીત નૃત્ય નાટ્ય કોલેજમાંથી ગાયનમાં સ્નાતક પૂર્ણ કર્યું. મે ૧૯૫૪માં, તેમણે કલકત્તા યુનિવર્સિટીમાંથી કાવ્યપ્રથમ પરીક્ષા પાસ કરી. નારદ કીર્તન પરંપરા અનુસાર, તેમણે ૪ એપ્રિલ, ૧૯૫૦ થી કીર્તન પ્રવચન શરુ કર્યું. તેમણે તેમના કીર્તન પ્રવચનમાં શ્રી ગુરુચરિત્ર, દત્તપુરાણ, ભારતીય રાજકારણ (કૌટિલ્ય) જેવા ઘણા વિષયો રજૂ કર્યા. લગભગ ૬૦ વર્ષ સુધી તેમણે મહારાષ્ટ્ર, ગુજરાત, કાશી, કર્ણાટક, મધ્યપ્રદેશમાં કીર્તન ઉપદેશક તરીકે સેવા આપી. તેમણે ૩ વર્ષ સુધી અખિલ ભારતીય કીર્તન સંસ્થા, દાદરમાં (મુંબઈ) શિક્ષક તરીકે પણ કામ કર્યું. કીર્તન ઉપદેશોની સાથે પ્રકાશકર બુવાએ આઠ વર્ષ સુધી સંસ્કૃત અને મરાઠી રંગભૂમિમાં પણ કામ કર્યું. ૧૯૬૫ માં, તેમણે બ્રાહ્મણ સભાના સંસ્કૃત રંગભૂમિમાં પ્રવેશ કર્યો. તેમણે ભાતૃકલહમ, સંગીત શારદા, મુદ્રારાક્ષસ, શાકુન્તલ જેવા સંસ્કૃત નાટકોમાં અનેક ભૂમિકાઓ ભજવી. તેમના જવાથી, સંસ્કૃત રંગભૂમિમાં એક તારો અદૃશ્ય થઈ ગયો છે અને કીર્તન ઉપદેશના ક્ષેત્રમાં એક શૂન્યતા સર્જાઈ છે. તેમના પરિવારમાં તેમની પત્ની, પુત્રો, પુત્રીઓ, જમાઈઓ, પુત્રવધૂઓ, પૌત્રો અને પ્રપૌત્રો છે.

## ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વ વિદ્યાલય અને ઈન્ટરનેશનલ નેચરપેથ દ્વારા સેમિનાર યોજાશે



**વડોદરા :** ગુજરાતી પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય (હાલોલ) ખાતે આગામી 20/21 ડિસેમ્બરના 2025 રોજ યોજાનારી આંતરરાષ્ટ્રીય સેમિનોર નું આયોજન ની બેઠક મળી હતી જેમાં વિશ્વવિધાલયના ઉપ કુલપતિ સી કે ટીમબડીયા અને વિશ્વવિધાલયના વૈજ્ઞાનિકોની ટીમ સાથે ઈન્ટરનેશનલ નેચરોપેથ ઓર્ગેનાઈઝેશન ના રાષ્ટ્રીય પ્રમુખ ડો.અનંત બિરાદર તેમજ (INO)ગુજરાત ટીમ સાથે મહત્વપૂર્ણ ઐતિહાસિક બેઠક યોજાઈ હતી. નિસર્ગ ઉપચાર અને પ્રાકૃતિક કૃષિ સહજ સમન્વય છે (INO) એ દેશની સૌથી મોટી અને સર્વ સક્રિય નિસર્ગોપચાર સંસ્થા છે જે ભારતના 32 રાજ્યોમાં (કેન્દ્રશાસિત) સાથે અને વિદેશમાં પણ શાખા ધરાવે છે 100000 ઉપરાંત ના સભ્યો સાથે લાખો માનવીઓ સુધી આરોગ્ય જાગૃતિના કામો કરે છે અને સંસ્થા વૈજ્ઞાનિક પદ્ધતિથી નિસર્ગોપચાર નો પ્રચાર પસાર કરી પ્રાચીન જ્ઞાનને વૈશ્વિક સ્તરે પ્રમાણભૂત અને લોકપ્રિય બનાવવા કાર્યરત છે. વિશ્વવિદ્યાલય અને (INO)ના સંયુક્ત ઉપક્રમે 20 / 21 ડિસેમ્બર 2025 ના બે દિવસની આંતરરાષ્ટ્રીય સેમીનારનું આયોજન થશે.

## વડોદરા ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ - 2025' અંતર્ગત સ્વચ્છતા અભિયાનનો શુભારંભ



**વડોદરા :** પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-2025' ના ઉપલક્ષ્યમાં તારીખ 1 ઓગસ્ટ થી 15 ઓગસ્ટ, 2025 સુધી એક વિશેષ 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પખવાડિયા દરમિયાન, ડિવિઝનના વિવિધ સ્ટેશનો, રેલવે કોલોનીઓ અને કચેરીઓમાં સ્વચ્છતા જાગૃતિ અને વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. અભિયાનનો પ્રારંભ વડોદરા ડિવિઝનલ રેલવે મેનેજર રાજુ ભડકે એ તમામ રેલ કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત રહેવાની શપથ લેવડાવીને કર્યો. ભડકે એ રેલ કર્મચારીઓને દર વર્ષે 100 કલાક એટલે કે દર અઠવાડિયે 2 કલાક શ્રમદાન કરવા અને અન્ય લોકોને પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા આહ્વાન કર્યું, જેથી સમગ્ર દેશને સ્વચ્છ બનાવવામાં મદદ મળી શકે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ડિવિઝન વિસ્તારમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો છે, જેમાં ખાસ કરીને રેલવે ટ્રેક અને તેની આસપાસના વિસ્તારોમાંથી કચરો હટાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

## અખિલ ભારતીય સેવાદળ સ્થાપના દિને વસંત રજબ વકતૃત્વ સ્પર્ધા સરદારભવન ખાતે યોજાઇ



**વડોદરા :** અખિલ ભારતીય સેવાદળ વડોદરા દ્વારા વસંત રજબ વકતૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા શહેર ની 11 શાળાઓના ૨૧ બાળકોએ ભાગ લીધો હતો. સેવાદળના જિલ્લાધિનાયક હેમંતકુમાર પટેલ સંગઠક મંગળભાઇ વાઘેલાના સાનિધ્યમાં કાર્યક્રમ યોજાઇ ગયો. જેનું ઉદઘાટન સેવાદળના બળદેવભાઇ બારોટે કર્યુ હતું.અતિથિ વિશેષ ગિરિરાજભાઇ બ્રહ્મભટ્ટે વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાથી થતા ફાયદાઓ વિશે જણાવ્યું હતું. સાહિત્યકાર દુર્ગેશભાઇ ઉપાધ્યાય અને બળદેવભાઇ બારોટે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. અતિથિ વિશેષ તરીકે પન્નાબેન પટેલ, ઈન્દીરાબેન બ્રહ્મભટ, એ.આઈ.વહોરાસાહેબ, શિલ્પાબેન, હાજર રહ્યા હતા. પ્રેરણાદાયી જીવનમાં શીખવા જેવી વાતો કરી હતી. ઈનામ વિતરણ સમયે શ્રી સરદાર ભવન ટ્રસ્ટના પ્રમુખઅનુજ પટેલ હાજર રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા. કાર્યક્રમનું આયોજન સમગ્ર સંચાલન મંત્રી પ્રજ્ઞાબેન પરમાર અને એ કર્યું હતું.

### છાણીથી શરૂ થયેલી વિરોધની ક્રાંતિનો પડઘો શહેરભરમાં પડશે: ગ્રામજનો

# છાણી સ્મશાનનો વિવાદ વકર્યો, ઢોલ નગારા સાથે લોકોનો ઉગ્ર વિરોધ : રવિવારે બંધનું એલાન

**સોમવારે** વિશાળ રેલી યોજી કલેક્ટર અને મ્યુ. કમિશનરને રજૂઆત કરાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના તમામ સ્મશાનોનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે. જેનો ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે છાણી સ્મશાનને લઈ આજરોજ ગ્રામજનોએ ઢોલ નગારા સાથે ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. સાથે જ રવિવારે ગ્રામજનો દ્વારા સ્વૈચ્છિક સવારે છ થી બપોરના એક દરમિયાન બંધનું એલાન આપવામાં આવ્યું છે અને સોમવારે વિશાળ રેલી યોજીને કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવશે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના તમામ સ્મશાનોને કોન્ટ્રાક્ટ તથા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેનો શરૂઆતથી જ વિરોધ લોકો દ્વારા દર્શાવવામાં આવી રહ્યો છે. ત્યારે શુક્રવારે છાણીના ગ્રામજનો દ્વારા ઢોલ નગારા બેનર પોસ્ટર સાથે સ્મશાનોના ખાનગીકરણનો ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. સ્થાનિક રહીશ મીનેશભાઈએ જણાવ્યું હતું કે, કોર્પોરેશને જે કોન્ટ્રાક્ટ બેઝ ઉપર સ્મશાનોને લઈ જવામાં આવ્યા છે. એના વિરોધમાં અમે સમસ્ત ગ્રામજનોએ ભેગા થઈને આ કોન્ટ્રાક્ટપ્રથાના વિરોધમાં અમારા જે ટ્રસ્ટીઓ હતા. પહેલા જે વહીવટ કરતા હતા એ સારો જ કરતા હતા. અને અમારી ઈચ્છા પ્રમાણે સારી રીતે વહીવટ ચાલતો હતો. એજ રીતે ચાલે અને અમારે કોઈ કોર્પોરેશનની કે કોન્ટ્રાક્ટની જરૂર નથી. અમે જે છાણી સ્મશાન માટે વિરોધની ક્રાંતિની શરૂઆત કરીએ છીએ. આવતીકાલે સમગ્ર શહેરમાં આનો પડઘો પડવાનો છે.

હિતેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, અમે આજથી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનની શરૂઆત કરી રહ્યા છે અને સમગ્ર છાણી ગામમાં સોસાયટીઓમાં પદયાત્રા યોજીને અમારી જે રૂપરેખા છે તે લોકોને જણાવવામાં આવી રહી છે. આગામી રવિવારે ગામમાં સવારે છ થી બપોરના એક દરમિયાન સ્વૈચ્છિક બંધનું એલાન આપવામાં આવ્યું છે અને સોમવારે બપોરે છાણી મંડળી ખાતેથી અમે વિશાળ સંખ્યામાં એકત્ર થઈ મ્યુનિસિપલ કમિશનર અને કલેકટરને રેલી રૂપે રજૂઆત કરીશું તેમ છતાં પણ જો કોઈ યોગ્ય નિરાકરણ નહીં આવે તો અમે આગળની પણ રૂપરેખા અમે ટૂંક સમયમાં જાહેર કરીશું.

# દશામાઁના મઢ ખાતે દશા માંની સાંઢણીની આંખમાંથી ઘીની ધારા વહી

**વાઘોડિયા** રોડ મનન પાર્કમાં થયેલા અદભુત ચમત્કારનાં દર્શન કરવા માટે માઇ ભક્તો નો ઘોડા પુર



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરનાં વાઘોડીયા રોડ પર આવેલ મનન પાર્ક ખાતે વર્ષો જૂનું દશા માં નું મંદિર આવેલું છે આ દશા માઁ નાં મઢ ખાતે દશા માં નાં પર્વ માં દશા માની મૂર્તિ ની દસ દિવસ સુધી સ્થાપના કરવામાં આવે છે જ્યાં એક અદ્ભુત ચમત્કાર જોવા મળે છે .દશા માં ની સાંઢણી ની ડાબી આંખ માંથી ઘી ની અવિરત ધારા વહે છે.અને આરતી નાં સમયે સીતા માતા નાં હાથ માંથી કંકુ ઝરતું હોય છે.જે.આ અદભુત ચમત્કાર નાં દર્શન કરવા માટે માઈ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડતુ હોય છે.અને આ અદભૂત ચમત્કારના દર્શન કરીને માઈ ભકતો પોતાને નસીબદાર માની રહ્યા છે .જ્યારે વાત કરીએ તો, શહેરમાં રહેતા એક મહિલા તબીબ પણ આ દશા માં નાં મઢે અદભુત ચમત્કાર નાં દર્શન કરવા માટે મુંબઈ સ્થિત પોતાના પતિ રાજ ને દર્શન કરવા માટે મુંબઈ થી બોલાવ્યા હતા અને ટ્રેન ટીકીટ પણ કંફરમ થતાં અને માંતાજી નાં ચમત્કાર નાં દર્શન કરવાનો મોકો મળ્યો તેને તેઓ ચમત્કાર ગણાવ્યો હતો અને હવે થી દર વર્ષે દર્શન કરવા આવશે તેમ જણાવ્યું હતું.

### સ્થાયી સમિતિની બેઠકમાં 20 કરોડથી વધુના 9 કામો સર્વાનુમતે મંજૂર

# તરસાલી વિસ્તાર માટે નવા બૂસ્ટિંગ સ્ટેશન માટે રૂ. 20.44 કરોડના ટેન્ડરને મંજૂરી અપાઈ

**ઓડિટ** રિપોર્ટ, પાણી પુરવઠો, પક્ષીઓની ખરીદી, વૃક્ષોની જાળવણી અને કોલ સેન્ટર સહિતના નિર્ણયો લેવાયા

**સયાજીબાગ** ઝૂ માટે પક્ષીઓ ખરીદ કરવા રૂ. 84.67 લાખના ખર્ચે ઇજારદાર હોબિસ્ટ ડેન એક્ઝોટિક પેટ્સના ભાવપત્રને મંજૂરી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

આજે વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં કુલ 9 કાર્યોને ચર્ચાઓ બાદ સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે, જેમાં ઓડિટથી લઈને પાણી પુરવઠો, વૃક્ષ સંભાળ, નવા પક્ષીઓની ખરીદી અને કોલ સેન્ટર સુધીના વિવિધ વિષયો પર ચર્ચા બાદ મંજૂરી આપવામાં આવી છે. આ તમામ કામો માટે અંદાજિત કુલ ખર્ચ રૂ. 20 કરોડની આસપાસ છે. ઓડિટ વિભાગના બે આઇટમ મુજબ પાંચ અલગ અલગ સપ્તાહો માટેના પોસ્ટ ઓડિટ રિપોર્ટ ચીફ ઓડિટર તરફથી મળ્યાં હતા. સમિતિએ બંને રિપોર્ટોને જાણમાં લીધાં હતાં. મિકેનિકલ વિભાગમાં અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈની જોગવાઈ હેઠળના વિકાસ કાર્ય માટે એક સામાજિક સંસ્થાને વૃક્ષોને પાણી આપવા માટે રૂ. 4.90 લાખના ખર્ચે TATA ACE GOLD CX પેટ્રોલ મોડલનું વાહન સીધું GeM પોર્ટલ પરથી ખરીદવાની મંજૂરી અપાઈ છે. વધુમાં શ્રી સયાજીબાગ ઝૂ માટે પક્ષીઓ ખરીદ કરવા રૂ. 84.67 લાખના ખર્ચે ઈજારદાર હોબિસ્ટ ડેન એક્ઝોટિક પેટ્સના ભાવપત્રને મંજૂરી આપવામાં આવી છે, જે મૂળ અંદાજ કરતાં 2.58% ઓછું છે. પાણી પુરવઠા વિભાગ હેઠળ તરસાલી નવિન વિસ્તાર માટે નવા બૂસ્ટિંગ સ્ટેશન માટે રૂ. 20.44 કરોડના ટેન્ડરને મંજૂરી અપાઈ છે.

પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગે પૂર્વ ઝોન માટે ઝાડ કાપવા, ડિવાઈડર અને અર્બન ફોરેસ્ટ માટે જૂના ટેન્ડર હેઠળ રૂ. 30 લાખ અને ઉત્તર ઝોન માટે રૂ. 50 લાખની નાણાકીય મર્યાદા વધારવાની મંજૂરી આપી છે. આઈટી વિભાગમાં ચોમાસા દરમિયાન વધુ ફરિયાદો સંભાળવા કોલ સેન્ટર માટે 4 મહિના માટે 5 નાઈટ શિફ્ટ એજન્ટ્સ માટે રૂ. 3 લાખના ખર્ચે મંજૂરી અપાઈ છે.

### ત્રણ વખત સીલ કરાયા છતાં કમિશનરના ઓર્ડરના પુરાવા વગર ફરી ખોલી નાખાયા

# વડોદરાના છાણી જકાતનાકા પાસે 'ચેતક' અને 'એથર' શોરૂમ ગેરકાયદે

**ટાઉન** પ્લાનિંગ વિભાગના કેટલાક કર્મચારીઓ કમિશનરના નામનો ઉપયોગ કરીને ગેરકાયદેસર બાંધકામને મંજૂરી આપી



(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરના છાણી જકાતનાકા વિસ્તારમાં કુમકુમ પાર્ટી પ્લોટની જગ્યાએ પાર્કિંગના બહાને શરૂ થયેલું બાંધકામ હવે સ્પષ્ટ રીતે કોમર્શિયલ શોરૂમમાં ફેરવાયું છે. વિસ્તારના એક જાગૃત નાગરિક દ્વારા આ અંગે એક પછી એક રજૂઆતો કર્યા છતાં બાંધકામ ચાલુ જ રહ્યું હોવાનું ખુલ્યું છે. આ વિસ્તારમાં વર્ષ 2024 એપ્રિલથી બાંધકામ શરૂ થયું હતું અને પહેલા તબક્કે બિલ્ડિંગ ઈન્સ્પેક્ટર ગૌતમ શર્માએ તેને ફક્ત પાર્કિંગ હોવાનું જણાવીને ઢાંકણું મૂકી દીધું હતું. જોકે, થોડા સમયમાં એટિકેટી નામની કપડાંની દુકાન અને ચેતક તથા એથર નામે શોરૂમ શરૂ થઈ ગયા હતાં, જે સ્પષ્ટ કરે છે કે આ બાંધકામ 2022 પછીનું અને ગેરકાયદેસર છે. 24 જૂન, 13 ઓગસ્ટ 2024 અને ત્યારબાદ 29 જુલાઈ 2025ના રોજ અહીં સીલ કરવામાં આવ્યા હતા. જોકે, દિવાળીની આસપાસ તથા તાજેતરમાં પણ આ સીલ તોડાઈ ગયા હોવાના ગંભીર આક્ષેપ થયા છે. રહેવાસીઓએ જણાવ્યું કે બિલ્ડિંગ ઈન્સ્પેક્ટર ગૌતમ શર્મા, પરિમલ પટેલ અને શૈલેષ પ્રજાપતિએ કમિશનરના નામે સીલ ખોલાવ્યાં, પરંતુ 31 જુલાઈએ થયેલી તપાસ દરમિયાન તેમનું કોઈપણ લેખિત મંજૂર કાગળ મળ્યું નહોતું.

અગાઉ 12 ઓગસ્ટ 2024 અને 07 જુલાઈ 2025ના રોજ કરાયેલી અપીલોનું પણ હજુ સુધી કોઈ પરિણામ આપ્યું નથી. ફરિયાદકર્તાએ કહ્યુ કે ટાઉન પ્લાનિંગ વિભાગના કેટલાક કર્મચારીઓ કમિશનરના નામનો ઉપયોગ કરીને ગેરકાયદેસર રીતે બાંધકામને મંજૂરી આપી રહ્યા છે, જે તંત્રમાં ભ્રષ્ટાચાર અને રાજકીય દબાણ દર્શાવે છે. સ્થાનિક અગ્રણીએ ફરી એકવાર માંગ ઉઠાવી છે કે આ ગેરકાયદેસર બાંધકામ તાત્કાલિક તોડી પાડવામાં આવે અને જે અધિકારીઓએ નિયમોના વિરુદ્ધ સીલ તોડાવ્યાં છે, તેમના સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે.

## ચેક રિટર્ન કેસમાં ચાર માસની સાદી કેદ તથા રૂ.3.50 લાખનો દંડ

(પ્રતિનિધિ) વડોદરા તા 01

શહેરના કારેલીબાગ પાણીની ટાંકી પાસે અષ્ટાપદ સો.મા રહેતા મધુબેન હસમુખભાઇ શાહ તથા તેમના પતિની પ્રથમ અને બીજા માળે આવેલી 4000-4300 ચો.ફૂટ મિલકત તલવરકર્સ ફિટનેસ સોલ્યુશન પ્રા.લિ.ને લીઝ ડીડ થી તા.15-06-2008 થી તા.14-06-2017 સુધીના 9વર્ષ માટે શરતોને આધીન ભાડેથી આપી હતી જેમાં તલવરકર્સ ફિટનેસ સોલ્યુશન પ્રા.લિ.ના ડિરેક્ટર તરીકે મુંબઈના રાહુલ તલવરકર તથા બીજા ભાગીદાર અંબર તલવરકર સાથે દર મહિને રૂ 1,89,000ભાડુ ચૂકવવા તથા તેનો ટી.ડી.એસ.પણ તેઓને ભરવાનું નક્કી થયું હતું જે ત્રણ વર્ષે 15% ભાડું વધારવાની સાથે પરસ્પર સહમતી થી થયું હતું પરંતુ આરોપીઓએ તા.01-12-2013 થી તા.01-10-2014 સુધીનું ભાડું ન ચૂકવતાં રૂ.28,77,645 ચઢી ગયું હોય એચડીએફસી બેન્કનો તા.18-01-2016 રૂ 2,22,479 નો મલાડ વેસ્ટ બ્રાન્ચનો ચેક આપેલ જે ફરિયાદીએ કારેલીબાગ શાખામાં તા.20-01-2016જમા કરાવતા આ ચેક તા.21-01-2816ના રોજ 'ફંડ ઈનસફિસિયન્ટ' સાથે પરત ફર્યો હતો જેથી ફરિયાદીએ તા.19-02-2016ના રોજ વકીલ મારફતે ડિમાન્ડ નોટિસ આપી હતી તેમ છતાં આરોપીઓ જવાબ ન આપી અને ચેકની રકમ ન આપતાં તેઓ સામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ 138તથા 141મુજબ ફરિયાદ નોધાઇ હતી જેમાં ફરિયાદી પક્ષે એડવોકેટ ધર્મેશ દુબે એ બીજા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં પૂરાવાઓ તથા ધારદાર રજૂઆતો કરતાં આ કેસમાં મેસર્સ તલવરકર્સ જિમ્નેશિયમ,રાહુલ તલવરકર તથા અંબર તલવરકરનાઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ 255(2) મુજબ તકસીરવાન ઠેરવી તા.31-07-2025ના રોજ ચાર માસની સાદી કેદનો તથા રૂ 3,50,000નો દંડ રાહુલ તલવરકર તથા અંબર તલવરકરને ભરપાઈનો હૂકમ કર્યો છે જો દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ બે માસની સાદી કેદનો હૂકમ કર્યો છે.

## ગુજરાત વિદ્યુત ટેકનિકલ કર્મચારી મંડળ દ્વારા આવેદન

(પ્રતિનિધિ) વડોદરા તા.1

કંપનીના કાર્ય ક્ષેત્ર માં ફરજ બજાવતા ટેકનીકલ લાઈન સ્ટાફ કર્મચારીઓ ના પ્રશ્નો ઉકેલવા જણાવ્યું હતું જેમાં ટુલ્સ ટેકનીકલ (સલામતી ના સાધનો ) આપ્યા તેને બે વર્ષ થઈ ગયા છે. હેલ્મેટ, ટુલ્સ બેગ, સેફટી બેલ્ટ વિગેરે સલામતી ના સાધનો આપ્યા નથી. FRT માં કામગીરી કરતા ખાનગી એજન્સી ના કર્મચારીઓને કોઈ સલામતીના સાધનો આપતા નથી, પક્કડ સુદ્ધા આપતા નથી જે કંપનીના કર્મચારીઓનું વાપરે છે, તેમજ FRT માં વિહીકલ માં રાખતા ડ્રાઈવર પાસે લાઈસન્સ,PUC હોતું નથી. કર્મચારીઓ બિન અનુભવી છે. અને અકસ્માત થાય તો કર્મચારીને જવાબદાર ગણવામાં આવે છે.જુનિયર ઈજનેરના પ્રમોસનમાં પ્રમોસન લીધું નથી તેના પછી આવતા અગ્ર ક્રમે આવતા કર્મચારીને જુનિયર ઈજનેર નું પ્રમોસન આપવું,સોમવાર ની સેફટી મીટીંગમાં કર્મચારીઓને ચા નાસ્તો આપવામાં આવતો નથી.

## મધુનગરના 120 પરિવારોને લોન વિનાના મકાન ન મળતા મોરચો

**લાભાર્થીઓએ** રૂ. 50,000 જમા કર્યા છતાં લોન ન મળતાં પરિવારો બેઘર, પાલિકા ગેરેન્ટર બને એવી માંગ સાથે પાલિકામાં રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા તા.1

ગોરવા મધુનગરના 120 નિરાશ્રીત પરિવારોની વેદના આજે વડોદરા મહાનગરપાલિકા સુધી પહોંચી છે. લોકોને પોતાના ઘરનો સુખદ આશરો મળે તે માટે પાલિકા દ્વારા મકાનો ફાળાયા, પણ ઘર મેળવનાર લાભાર્થીઓ હજુ સુધી છતથી વંચિત રહ્યા છે. જેનું મુખ્ય કારણ મકાન માટે લોન મંજુર ન થવી હોય જાણવા મળ્યું છે.

આ 120 પરિવારોના લાગણીભરા મોરચામાં પૂર્વ વિપક્ષી નેતા અમીબેન તથા કોંગ્રેસના નરેન્દ્ર રાવત સાથે રહ્યા હતા. પાલિકા સામે રજૂઆત કરતા ફરિયાદ કરી કે, તેમણે માલિકીના મકાન મેળવવા રૂ. 50,000ની રકમ પહેલેથી જ ભરી દીધા છે, છતાં બેંકોથી લોન ન મળતા તેમને મકાનના કબજો મળ્યો નથી. પરિણામે અનેક પરિવારો હજુ પણ બેઘર અને અનિશ્ચિતતા છે. લાભાર્થીઓની મુખ્ય માંગ એવી છે કે, પાલિકા તેમના માટે ગેરેન્ટર તરીકે આગળ આવે જેથી તેઓને લોન મંજુર થાય અને મકાનના માલિક બની શકે. કહેવાય છે કે, રાજ્ય સરકારની યોજનામાં લાભાર્થીઓના નામે મકાન ફાળવાઈ ચુક્યા છે, પણ લોન પ્રક્રિયાની ઔપચારિકતા મધ્યમાં અટવાતા આશરે 120 પરિવારો પોતાના નૂતન ઘરથી વિમુખ રહી ગયા છે. મોરચાની આગેવાની કરતા નેતાઓએ તાકીદ કરી છે કે, પાલિકા તરત લોન ગેરેન્ટર બને અને લાભાર્થી પરિવારોના હકના ઘરો મળવાના માર્ગ પ્રસસ્ત કરે. આ મુદ્દે સ્થાનિક રાજનીતિક દબાણ વધી રહ્યું છે અને અનેક પરિવારોએ ન્યાય ન મળતા રોષ વ્યક્ત કર્યો છે. આ પ્રકરણ વડોદરા શહેરની આવાસ યોજનાના અમલમાં આવતા પ્રશ્નો તેમજ લાગણીભર્યા પરિવારો માટે શાસન તથા તંત્રની માનવતા પર મુખ્ય પ્રશ્નચિન્હ ઉભું કરે છે.

## સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા કાપડાની થેલીઓનું વિતરણ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરના સફાઈ કાર્યને વધુ ગતિશીલ અને અસરકારક બનાવવા માટે શુક્રવારે વડોદરા મહાનગરપાલિકા ખાતે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં શહેરની સફાઈ વ્યવસ્થા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી તથા અનેક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયા. આ બેઠકમાં આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર, દરેક ઝોનના વોર્ડ ઓફિસરો અને સંબંધિત કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

અધિકારીઓ શહેરમાં હાલ ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનની સમીક્ષા કરી અને આગામી મહિના માટેની રણનીતિ અંગે ચર્ચા કરી. વિવિધ વોર્ડોમાં સફાઈની કામગીરી વધુ દ્રઢ અને સંકલિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે કોર્પોરેટરો સાથે માર્ગદર્શિકા બનાવી આગામી દિવસોમાં દર વોર્ડમાં અભિયાનના કાર્યક્રમો આયોજન કરાશે.

### પદ્મ વિભૂષણે તેમની માતૃ સંસ્થા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની મુલાકાત લીધી

# નજીકના ભવિષ્યમાં ભારતમાંથી કોમ્પ્યુર હાર્ડવેરની પણ નિકાસ થવા લાગશે : પરમ સુપર કોમ્પ્યુટરના જનક ડો. વિજય ભાટકર

**કોમ્પ્યુટર** સોફ્ટવેર ક્ષેત્રનાં ભારત અને ભારતીયોનું યોગદાન મહત્વપૂર્ણ છે, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ અને એઆઇ ટેક્નોલોજીમાં ભારતનું ભવિષ્ય ઉજળું



(પ્રતિનિધિ) વડોદરા તા.1

ભારતના સુપર કોમ્પ્યુટર 'પરમ'ના જનક તરીકે ઓળખાતા પદ્મ ભૂષણ ડો. વિજય ભાટકરે ભારતને કોમ્પ્યુટર હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાના અભિયાનની સફળતા તરફ ઇંગિત કરતા કહ્યું કે, હવે એ દિવસો બહુ જ નજીક છે કે, ભારતમાંથી વિદેશોમાં પણ કોમ્પ્યુટર હાર્ડવેરની નિકાસ થવા લાગશે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી ઓફ બરોડાની ઈજનેરી વિદ્યાશાખામાં અભ્યાસ કરનારા ડો. ભાટકર આજે તેમની માતૃસંસ્થાની મુલાકાતે આવ્યા હતા. યુનિવર્સિટીમાં ટેકો તરીકે ઓળખાતા કેમ્પસમાં બેસી અભ્યાસકાળના સંસ્મરણો વાગોળ્યા હતા. તેમને ભારત દ્વારા નિર્મિત સુપર કોમ્પ્યુટરના ફાધર માનવામાં આવે છે. તેઓ હાલમાં નાલંદા યુનિવર્સિટીના કુલપતિ છે.

તેમણે કહ્યું કે, ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાં સરકારના પ્રયત્નોના કારણે કોમ્પ્યુટર ચિપ્સના પ્લાન્ટ સ્થાપવા લાગ્યા છે. આ બાબત સૂચવે છે કે, હવે માત્ર સોફ્ટવેર નિર્માણના ક્ષેત્રમાં જ નહી પરંતુ, કોમ્પ્યુટર હાર્ડવેરના ક્ષેત્રમાં નિકાસની દિશામાં ભારત આગળ વધી રહ્યું છે. એક સમયે ભેલ, સેન્ટ્રલ ઈલેક્ટ્રોનિક લિમિટેડ જેવી થોડી કંપનીઓ જ કામ કરતી હતી. હવે ખાનગી કંપની દ્વારા દ્વારા કોમ્પ્યુટર ચિપ્સના પ્લાન્ટ નંખાઇ રહ્યા છે. આર્ટીફિશ્યલ ઈન્ટેલિન્સ ઉપરાંત ન્યુ એજ કોમ્પ્યુટર, સોફ્ટવેરના નિર્માણમાં ભારતે હજુ લાંબુ ખેડાણ કરવાનું છે. અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ ભારત કે ભારતીયો દ્વારા નિર્મિત સોફ્ટવેર ઉપર આધાર રાખે છે. કોમ્પ્યુટર સોફ્ટવેરના નિર્માણમાં ભારતીયોનું ખૂબ જ યોગદાન છે. દક્ષિણ ભારત ઉપરાંત ગુજરાતના ઈજનેરો આ દિશામાં મહત્વનું કામ કરી રહ્યા છે. ઈન્ડીજીનિયસ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ જેવા ઉભરતા ક્ષેત્રોમાં ભારત અને ભારતીયોનું યોગદાન વધશે, એવું સૂચિત કરતા તેમણે કહ્યું કે, ભારતીય સોફ્ટવેર ઈજનેરો નવું સંશોધન કરતા રહ્યા છે. અમે જ્યારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં અભ્યાસ કરતા હતા ત્યારે માત્ર એનાલોગ કોમ્પ્ટુટર હતા. દિલ્હીની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં પણ થોડા ડિઝીટલ કોમ્પ્યુટર હતા. હવે જે સંશોધનો થઇ રહ્યા છે, તે સૌની સામે છે. સોફ્ટવેર ટેક્નોલોજીના કારણે ડિઝીટલ રિવોલ્યુશન આવ્યું છે. એઆઇ ટેક્નોલોજીમાં ભારતીયોનું ભવિષ્ય ઉજળું છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેક્સટાઈલમાં આયોજિત એક કાર્યક્રમમાં ડો. વિજય ભાટકરે ઈજનેરી છાત્રો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.

## ધો.12ના સગીર વિદ્યાર્થીએ સહપાઠી વિદ્યાર્થિની પર જ દુષ્કર્મ ગુજાર્યું

**પોલીસે** કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરને ઝડપી પાડ્યો, બંનેનું મેડિક્લ કરાવાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.1

માંજલપુર વિસ્તારમાં ધોરણ 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ તેના જ ક્લાસમાં ભણતી 16 વર્ષીય સગીર વિદ્યાર્થિની ઉપર વારંવાર દુષ્કર્મ આચરતા ચકચાર મચી જવા પામી છે. માતાએ વિદ્યાર્થી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને ઝડપી પાડ્યો હતો અને પીડીતા આરોપીનું મેડિકલ કરાવાયું હતું. આરોપી પણ માઈનોર તેની વિરુદ્ધ જુવેનાઇલ એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરાઇ છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી શાળામાં 16 વર્ષની વિદ્યાર્થિની સાથે અન્ય 17 વર્ષીય વિદ્યાર્થી ધોરણ 12માં એક જ ક્લાસમાં અભ્યાસ કરે છે. દરમિયાન વિદ્યાર્થી તેના મિત્રના ઘરે વિદ્યાર્થિનીને લઈ ગયો હતો અને તેના ઘરે શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ ઉપરાંત અન્ય બેથી ત્રણ જગ્યા પર લઇ જઈને આ રીતે વારંવાર શારીરિક સંબંધ બાંધતો હતો. જેથી આરોપી અને પીડીતા એક સાથે ભણતા હતા અને ઘરે સોશિયલ મીડિયાના માધ્યમથી એકબીજાના સંપર્કમાં રહેતા હતા.

આ દરમિયાન વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીના સંબંધો બાબતે સગીરાની માતાને જાણ થઈ હતી. જેથી માતાએ દીકરીની પૂછપરછ કરતા સમગ્ર ઘટનાની વિદ્યાર્થિનીએ તેની માતાને જાણ કરી દીધી હતી. ત્યારબાદ ઉશ્કેરાયેલી સગીરાની માતાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. માંજલપુર પોલીસે ગણતરીના કલાકોમાં સગીરા સાથે વારંવાર શરીર સંબંધ બાંધનાર સગીર વિદ્યાર્થિને ઝડપી પાડ્યો હતો અને પીડિતા અને આરોપી બંનેનું મેડિકલ કરાવવામાં આવ્યું છે. આરોપી પીડિતાને કયા કયા સ્થળ પર લઇ જઈને તેની સાથે દુષ્કર્મ આચર્યું છે તેની તપાસ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.